


**મોસમનો આનંદ**

ગામનું પાદર. જાતજાતનાં વૃક્ષો, વાંદરા, બકરાં, સસલાં, શિયાળ વગેરે પ્રાણીઓ. મજાની પગદંડી. તેના પર રાયણનું એક ઝાડ. મોસમ આવે એટલે રાયણ ઉપર રાયણાં બેસે. શરૂઆતમાં લીલાં, ધીરેધીરે પાકતાં અને પીળા પચરક રાયણાં પાદરની શોભા બની જાય.

મોસમ બેઠી,ઊના ઊના વાયરા વાવા લાગ્યા. રાયણ ઉપર રાયણાં બેઠાં. એક સસલો ખૂબ જ ઉતાવળો અને બુદ્ધિ વગરનો. રોજ રાયણના ઝાડ નીચે આવે, પથરા મારે અને કાચાં રાયણાં તોડી પાડે. જે ખવાય નહીં. બગાડ થાય. સસલો સમજે નહીં.

આ રીતે સસલો રોજ આવે, પથ્થર ફેંકે અને કાચાં રાયણાં તોડી પાડે. ધીરેધીરે ઝાડ આછું થવા લાગ્યું. રાયણાં ઓછા થવા લાગ્યાં.

એક શિયાળ રોજ જુએ. દુઃખી થાય, પણ સસલાને કહેવાની હિંમત કરે નહીં. શિયાળે ખૂબ વિચારીને આ વાત વાંદરાને કરી. વાંદરો ચાલાક અને હિંમતવાન હતો. કુદરતના કાચા ફળનો આ રીતે બગાડ કરતા સસલા પર તેને ખીજ ચઢી. કાચાં રાયણાં પથ્થર ફેંકી તોડી પાડે એ કરતાં પાકે ત્યારે ખાવાની કેવી મજા પડે! શિયાળે પણ પોતાના મનની વાત કરી. એક દિવસ રોજના સમય પ્રમાણે સસલો આવ્યો. તે રાયણના ઝાડ પર પથ્થર ફેંકવા લાગ્યો. વાંદરો તેની રાહ જોઈને જ બેઠો હતો. તે દોડતો આવ્યો અને સસલાને પથ્થર ફેંકતો રોકયો. તેના હાથમાંથી પથ્થર લઈ દૂર ફેંકી દીધા.

શરૂઆતમાં સસલો ગુસ્સામાં આવી ગયો. વાંદરાએ તેને શાંત પાડયો. ધીરજથી કહ્યું. “જુઓ સસલાભાઈ, આજે તમને હું સાચી વાત સમજાવવા આવ્યો છું. જુઓ, કુદરતે આપણને વૃક્ષો, ફળો, પાણી વગેરે મફતમાં આપ્યાં છે. તેનું જતન કરવું અને યોગ્ય ઉપયોગ કરવો એ આપણી પવિત્ર ફરજ છે.” સસલો વાંદરાની વાત ધ્યાનથી સાંભળતો હતો. વાંદરાનો એકેએક શબ્દ તેને સાચો લાગતો હતો.

વાંદરાએ વાતને આગળ વધારતાં કહ્યું,“જુઓ સસલાભાઈ, વૃક્ષો આપણને ફળ આપે છે, જે ખાઈને આપણે આનંદ કરીએ છીએ. તેના છાંયડામાં બેસી આરામ પણ કરીએ છીએ.વૃક્ષ બાપડું બોલતું નથી. તેના પર પથ્થર ફેંકો ત્યારે એને કેટલું

દુ:ખ થતું હશે ? વળી તમે કાચાં ફળ તોડી પાડી બગાડ કરો છો એના કરતાં એ ફળ પાકે ત્યારે ખાવ તો કેટલો આનંદ થાય ? અરે, વૃક્ષને પોતાને પણ આનંદ થાય.

સસલાભાઈ, તમે રાયણ પર પથ્થર ફેંકી, કાચાં રાયણાં તોડી પાડો છો એ ખાવાના કામમાં આવતાં નથી, પાકે ત્યારે ખાવાની ટેવ પાડો. ખૂબ મજા આવશે."

ખૂબ વાતો કર્યા પછી સસલો અને વાંદરો છૂટા પડયા. તે દિવસથી સસલાએ રાયણના ઝાડ પર પથ્થર ફેંકવાના બંધ કર્યા. દિવસો વીતવા લાગ્યા. રાયણના ઝાડ પર રાયણાં પાકવા લાગ્યાં. પીળી પચરક લૂમો લહેરાવા લાગી, વાયરો વાતાં પાકાં રાયણાં ટપોટપ નીચે પડવા લાગ્યાં.

સસલો રોજ આવે, પાકાં રાયણાં ખાય અને આનંદમાં આવી જાય. અરે, કાચાં રાયણાં તોડી પાડવાં એના કરતાં પાકે ત્યારે ખાવાની કેવી મજા પડે છે બબડી તે કૂદવા લાગ્યો.

એવામાં વાંદરો અને શિયાળ પણ ત્યાં આવી ચડયાં. સસલાને ડાહ્યો ડમરો થઈ પાકાં રાયણાં ખાતો જોઈ ત્રણે જણ ખુશ થઈને ગાવા લાગ્યા.

કાચાં ફળ તોડવાં નહીં
પાકે ત્યારે ખાવાં,
ઝાડ–પાનનાં કરવાં જતન
નાખવા ના ખોટાં ઝાવાં.

**લેખક :– ફિલિપ ક્લાર્ક**